સુમુલના પશુપાલકો માટે પ્રતિ કિલો ફેટે ભેંસના દૂધમાં ૩.10નો વધારો

પશુચારા અને આહારની વધતી કિંમતોને ધ્યાને રાખી સુમુલના કસ્ટોડિયન અને MDનો પશુપાલકોને રાહત આપતો નિર્ણય

સુમુલ ડેરી મહિને 4.50 કરોડ અને વર્ષે 50થી 60 કરોડ રૂપિયા પશુપાલકોને વધુ ભાવ ફેરના ચૂકવશે

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લીધે હાલ દૂધના ભાવ નહીં વધે

સુમુલ ડેરી દ્વારા પશુપાલકોને કિલોફેટ ભાવવધારો ચૂકવવાનો નિર્ણય લેવાયા પછી ડેરી સુમુલ દૂધના ભાવમાં વધારો કરતી હોય છે. સુમુલના 70% ગ્રાહકો સુરત શહેરના છે. સુરત મહાનગર પાલિકા, નગર પાલિકાઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ નજીક હોવાથી સરકાર તરફથી મોઘમમાં મળેલી સૂચના મુજબ સુમુલ ડેરી આ વખતે સુમુલ ડેરી દૂધની કિંમતોમાં વધારો નહીં કરશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

સુરતઃ પશુચારા, પશુ આહાર અને પશુ નિભાવ ખર્ચ વધતા સુમુલ ડેરીના કસ્ટોડિયન એચ.આર. પટેલ અને મેનેજિંગ ડિરેક્ટર અરુણ પુરોહિતે 1 માર્ચ 2026થી અમલમાં આવે એ રીતે પશુપાલકોને રાહત આપવાનો નિર્ણય લીધો છે. તેમણે સુમુલના સુરત - તાપી જિલ્લાના 2 લાખથી વધુ પશુપાલકોને પ્રતિ કિલો ફેટે ગાયના દૂધમાં 20 અને ભેંસના દૂધમાં 10 રૂપિયાનો વધારો આપવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયને લીધે સુમુલ ડેરી મહિને 4.50 કરોડ અને વર્ષે 50થી 60 કરોડ રૂપિયા પશુપાલકોને વધુ ભાવ ફેરના ચૂકવશે.

સુરત અને તાપી જિલ્લાની જોવાદોરી સમાન સુમુલ ડેરીએ હોળી-ધૂળેટીના તહેવારો પૂર્વે જ પશુપાલકોને ભાવફેર ચૂકવવા નિર્ણય લેતા પશુપાલકોમાં આનંદ છવાયો છે.

મોંઘા ઘાસચારા અને માવઠાના માર વચ્ચે પશુપાલકોને આર્થિક ટેકો આપવા માટે ડેરી દ્વારા આ મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે.સુમુલ ડેરીના તત્કાલીન ડિરેક્ટર જયેશભાઈ પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે, સુમુલના કસ્ટોડિયન અને એમડી.એ માવઠાથી અસરગ્રસ્ત બનેલા ખેડૂતો, પશુપાલકો માટે યોગ્ય નિર્ણય લીધો છે. કિલો ફેટ દૂધમાં આ ભાવવધારાને કારણે સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોને આર્થિક રીતે મોટી રાહત મળશે.

કોસંબાના હુમલાના વિરોધમાં ગૌરક્ષકોની સુરતમાં રેલી

હિંસક ઘટનાએ ઉશ્કેર્યો જનઆક્રોશ, ગૌરક્ષકોએ હનુમાન ચાલીસાના પાઠ કરી કચેરી ગજવી

સુરતઃ સુરત શહેરમાં આજે કોસંબાની ઘટનાના પગલે ગૌરક્ષા મુદ્દે ભારે ઉથલપાથલ જોવા મળી હતી. કોસંબા નજીકના હથોડા ગામે ગૌરક્ષકો અને પોલીસ પર થયેલા હુમલા બાદ વિવિધ સંગઠનોમાં અસંતોષ ફાટી નીકળ્યો છે. આ ઘટનાએ માત્ર ધાર્મિક ભાવનાઓ જ નહીં, પરંતુ કાયદો-વ્યવસ્થા અને સામાજિક સુમેળ અંગે પણ ચર્ચા ઊભી કરી છે. આજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવા આવેલા ગૌરક્ષકોએ હનુમાન ચાલીસાના પાઠ કરી કચેરી ગજાવી હતી.

વનિતા વિશ્રામ મેદાનથી કલેક્ટર કચેરી સુધી યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં ગૌરક્ષકો જોડાયા હતા. હાથમાં ધ્વજ અને બેનરો સાથે નીકળેલી રેલી દરમિયાન 'ગૌમાતાની જય'ના નાદ સાથે ગૌવંશની સુરક્ષા અંગે કડક કાયદાની માગ ઉઠાવવામાં આવી.

પ્રદર્શનકારીઓનો મુખ્ય મુદ્દો માત્ર આરોપીઓની ધરપકડ સુધી સીમિત નહોતો, પરંતુ તેઓએ કેસની ઝડપી સુનાવણી અને કડક સજા કરવાની માંગણી કરી. રેલી દરમિયાન પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. રેલીમાં ગાયને 'રાજ્યમાતા' જાહેર કરવાની માંગ ખાસ ચર્ચાનો વિષય બની.

સંગઠનના આગેવાનોનું માનવું છે કે ગાયને વિશેષ બંધારણીય દરજ્જો આપવાથી ગૌવંશ સામેના ગુનાઓમાં ઘટાડો થશે. કોસંબાની ઘટનાએ પોલીસ સુરક્ષા અને ઈન્ટેલિજન્સ તંત્ર અંગે પણ પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિક સ્તરે તણાવ ન વધે તે માટે પોલીસ દ્વારા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે.

તમિલ ભાષાના ઇ-મેલને પાસપોર્ટ ઓફિસે ધમકી માની લીધી

તમિલ ભાષામાં મળેલા ઈ-મેઈલને સમજ્યા વિના જ પાસપોર્ટ ઓફિસ તંત્રએ પોલીસને બોમ્બની ધમકીની જાણ કરી દેતાં ભાગમભાગ

પીપલોદ સ્થિત પાસપોર્ટ ઓફિસ ખાલી કરાવાઈ, પોલીસનો કાફલો, ડોગ સ્ક્વોડની દોડાદોડ

કોથળામાંથી નીકળ્યું બિલાડું... ઈ-મેલ બોમ્બની ધમકીનો નહીં, બોમ્બ મૂકવાની ધમકીનો હતો

મોડી સાંજ સુધી ચાલેલી તપાસમાં કોઈ પણ પ્રકારની શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટકો મળી આવ્યા નહોતા. દરમિયાન, તમિલ ભાષામાં લખાયેલા પત્રનું ભાષાંતર કરાવતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. મેઈલમાં કોઈ બોમ્બની ધમકી નહીં, પરંતુ કોઈ વ્યક્તિએ ન્યાયિક અન્યાય પ્રત્યેનો આક્રોશ ઠાલવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. માત્ર ભાષા નહીં સમજાવાને કારણે અને સુરક્ષાની તકેદારીના પગલે સમગ્ર તંત્ર ઉંધા માથે થયું હતું. આ મામલે ઉમરા પોલીસે વધુમાં જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિએ પોતાના ન્યાયિક અન્યાય પ્રત્યેનો આક્રોશ ઠાલવ્યો હતો, ન્યાય મેળવવા બોમ્બ મૂકવાની ધમકી આપી હતી. હાલ તપાસ બાદ શંકા સ્પદ કોઈ વસ્તુ મળી આવી નથી.

પોલીસે ઈ-મેઇલની વિગતો જાણવા તમિલ ભાષાના જાણકારની મદદ લીધી

પાસપોર્ટ ઓફિસમાં ત્રણ દિવસમાં બીજીવાર શંકાસ્પદ મેઇલ આવતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ વખતે મેઇલ તમિલ ભાષામાં હોવાથી કર્મચારીઓમાં એવી શંકા જન્મી હતી કે, આ પણ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી હોઈ શકે છે. ભાષાકીય અવરોધને કારણે ઉમરા પોલીસે મેઇલની સચોટ વિગતો જાણવા માટે તમિલ ભાષાના જાણકારની મદદ લીધી છે.

સુરતઃ પીપલોદ સ્થિત પાસપોર્ટ ઓફિસમાં આજે સાંજે ઓફિસના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર તમિલ ભાષામાં એક મેઈલ પ્રાપ્ત થયો હતો. આ મેઈલ બોમ્બની ધમકીનો હોવાનો માની પોલીસને જાણ કરાતા પોલીસ કાફલો ડોગ સ્ક્વોડ સાથે દોડતો થયો હતો. જો કે, કલાકોની તપાસ બાદ મેઈલ ન્યાયિક અન્યાય અંગેના અસંતોષનો હોવાનું બહાર આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઘટનાની વિગતો મુજબ, આજે સાંજે અંદાજે 5 વાગ્યે પીપલોદ પાસપોર્ટ ઓફિસમાં તમિલ ભાષામાં એક મેઈલ આવ્યો હતો. ભાષા સમજમાં ન આવતા અને વર્તમાન સ્થિતિને જોતા તંત્રએ આ મેઈલ બોમ્બની ધમકી હોવાનું માની તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ગણતરીની મીનિટોમાં જ ઉમરા પોલીસ મથકનો કાફલો, ઉચ્ચ અધિકારીઓ અને ડોગ સ્ક્વોડની ટીમ ઘટનાસ્થળે ધસી ગઈ હતી. ઓફિસ પરિસરમાંથી તાત્કાલિક તમામ લોકોને બહાર કાઢીને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

સુરતની આ ઘટનાને પગલે સાવચેતીના ભાગરૂપે રાજ્યની તમામ પાસપોર્ટ ઓફિસો અને પોસ્ટ ઓફિસોને પણ તાત્કાલિક એલર્ટ કરી દેવામાં આવી હતી. દરેક મહત્વની કચેરીઓ ખાલી કરાવીને ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી.

જેને પગલે અન્ય શહેરોમાં પણ વહીવટી તંત્રમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

તમિલ ભાષામાં લખાયેલા ઈ-મેઈલમાં તમિલનાડુના રાજકારણ અને ન્યાયિક પ્રક્રિયાનો ઉલ્લેખ

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, આ મેઇલમાં એક વિદેશી આતંકવાદીને ચાર વર્ષની જેલ, જ્યારે તમિલનાડુના એક સામાન્ય નાગરિક પર કોર્ટમાં કેસ ચલાવવાની તક આપ્યા વિના હત્યાનો આરોપ મૂકવામાં આવે છે. કસ્ટડી એ સજા નથી, પરંતુ એક જવાબદારી છે. જો સરકાર કોઈ વ્યક્તિને પોતાની કસ્ટડીમાં લે છે, ત્યારે તેના જીવની સંપૂર્ણ જવાબદારી સરકારની હોય છે. જો કસ્ટડીમાં તે જીવ ગુમાવે તો તે માત્ર એક વ્યક્તિગત ભૂલ નથી, પરંતુ સમગ્ર વહીવટી તંત્રની નિષ્ફળતા છે. આ નિષ્ફળતા માટેની રાજકીય જવાબદારી કોની છે? એમ.કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની તમિલનાડુ સરકાર સામાજિક ન્યાય, માનવ અધિકાર અને પ્રગતિશીલ રાજનીતિની મોટી વાતો કરે છે, પરંતુ જ્યારે કસ્ટડીમાં મોતના બનાવો વારંવાર સામે આવે છે, ત્યારે આ શબ્દોની વિશ્વસનીયતા પર સવાલ ઉભા થાય છે.

રાજ્ય સરકારની સૂચના પછી પણ પ્રોટોકોલ સામે પ્રશ્નાર્થ

૩૩ ગામના વિકાસ કાર્યક્રમમાં માત્ર એક જ ધારાસભ્યનાં નામથી વિવાદ

જિલ્લા વ્યાપી પ્રકલ્પ હોવા છતાં આમંત્રણ પત્રિકામાંથી અન્ય તાલુકાના ધારાસભ્યોનાં નામો ગાયબ

તાજેતરમાં જ બહાર પડેલી ગાઈડલાઈન

» સરકારી કાર્યક્રમોના આયોજન વખતે જિલ્લાના પ્રભારી મંત્રીને સંકલનમાં રાખી આયોજન કરવું. » જનપ્રતિનિધિઓની મુલાકાત કે જાહેર કાર્યક્રમમાં તેમનું માન જળવાય તે માટે ખાસ ધ્યાન રાખવું. » રાજ્ય સરકારના કાર્યક્રમોમાં આમંત્રણ પત્રિકામાં નામનો ઉલ્લેખ કરવો.

સુરતઃ સુરત જિલ્લા પંચાયત દ્વારા જિલ્લાના ૩૩ ગામમાં ગ્રામ્ય કક્ષાના ઘન કચરા વ્યવસ્થાપન પ્રણાલી અને વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ આગામી ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૬ના રોજ યોજાનાર છે. જિલ્લાવ્યાપી મહત્વ ધરાવતા આ કાર્યક્રમને લઈને તૈયાર કરાયેલી ઈ-આમંત્રણ પત્રિકા સોશિયલ મીડિયામાં વાયરલ થતા ચર્ચાનો વિષય બની છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ફક્ત બારડોલી વિધાનસભાના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારનું નામ દર્શાવવામાં આવ્યું છે, જ્યારે વિકાસ કાર્યો જિલ્લાના વિવિધ તાલુકાઓના ૩૩ ગામમાં થવાના છે. માંગરોળ, માંડવી, મહુવા, ઓલપાડ, કામરેજ અને ચોર્યાસી જેવી વિધાનસભા બેઠકોના ધારાસભ્યોના નામ આમંત્રણ પત્રિકામાં સમાવાયા નથી. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખનું નામ પણ તેમાં ન હોવાનું સામે આવ્યું છે. આ વિકાસ પ્રકલ્પો એક જ તાલુકા પૂરતા મર્યાદિત નથી, પરંતુ સમગ્ર જિલ્લાને આવરી લેતા હોવાનું જણાઈ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં સંબંધિત તમામ વિસ્તારોના ધારાસભ્યોને પ્રોટોકોલ મુજબ આમંત્રણ આપવું અને તેમનો ઉલ્લેખ કરવો સામાન્ય શિષ્ટાચાર અને વહીવટી પરંપરાનો ભાગ માનવામાં આવે છે.

રાજ્ય સરકારે તાજેતરમાં જ સરકારી કાર્યક્રમોમાં જનપ્રતિનિધિઓના માન-સન્માન અને પ્રોટોકોલ જાળવવા માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. તેમાં જિલ્લાના પ્રભારી મંત્રી સાથે સંકલન, આમંત્રણ પત્રિકામાં નામનો ઉલ્લેખ અને બેઠક વ્યવસ્થામાં યોગ્ય સ્થાન આપવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.

5 દિવસમાં 450 કરોડના બેનામી વ્યવહારો મળ્યા

ઓપેરા ગ્રુપ, મિરિખ ઇન્ફ્રાટેક અને બ્રોકર આગમ વાડેચા, વિશાલ રાવને ત્યાં સર્ચ ઓપરેશન DDI વિંગે સમેટ્યું

સુરતઃ સુરત, પલસાણા, અમદાવાદ, ભાવનગર, નવસારી સહિત મોટા પ્રોજેક્ટો ધરાવતાં ઓપેરા ગ્રુપ, મિરિખ ઈન્ફ્રાટેક અને બ્રોકર આગમ વાડેચા, વિશાલ રાવને ત્યાં સર્ચ ઓપરેશન, પાંચમાં દિવસે સુરત આવકવેરા વિભાગની ડીડીઆઈ વિંગે સમેટી લીધું છે. સર્ચ ઓપરેશન દરમિયાન ડીડીઆઈ વિંગને રૂપિયા ૪૫૦ કરોડના બેનામી ટ્રાન્ઝેક્શન મળી આવ્યાં છે. આ તમામ વ્યવહારો જમીનોને લગતા હોવાનું જાણવા મળ્યું છે.

જમીનોના વ્યવહારો રોકડમાં કરીને કેપિટલ ગેઇન ટેક્સ ચૂકવવામાં ચોરી કરવામાં આવી હોવાનું સુરત આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ ખેલમાં જમીન વેચનારા પણ સામેલ છે. જમીન ખરીદી વેચાણમાં પ્રોપર્ટી બ્રોકરો કરોડો રૂપિયા કમાયાં હોવાનાં પુરાવા આવકવેરા વિભાગનાં હથ્થે ચઢ્યાં હોવાનું કહેવાય છે. આવકવેરા વિભાગની ડીડીઆઈ વિંગે ઓપેરા ગ્રુપ, આગમ વાડેચા, ધોલેરામાં પ્લોટ પાડનારા રાજીવ જાંગડનાં મિરિક ઈન્ફ્રાટેક અને કરોડોની રોકડ દલાલી મેળવનારા બ્રોકર આગમ વાડેચા, વિશાલ રાવ સહિતનાના ૨૫ જેટલાં સ્થળો પરની તપાસ પૂર્ણ કરી છે. હવે આગામી દિવસોમાં આવકવેરા વિભાગ દ્વારા તમામ પાર્ટીનાં છેલ્લાં સાત વર્ષનાં રિટર્ન ફંફોસવામાં આવશે અને તપાસ દરમિયાન મળી આવેલી બેનામી સંપત્તિની ગણતરી બાદ આવકવેરા વિભાગ તરફથી ડિમાન્ડ નોટીસ ઈસ્યુ કરવામાં આવશે. આ દરમિયાન રોકડમાં વ્યવહારો કરનારાને નોટિસ ઈસ્યુ કરી જવાબ તલબ કરી આવકવેરાની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરાશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ટુરિસ્ટોનો રોકાણનો...

પરત ફરી શકે તેમ નથી તેમને યુએઈ સરકારના ખર્ચે જે તે હોટલમાં જ રાખવા માટે જે તે હોટલના મેનેજમેન્ટને આદેશ કરવામાં આવ્યો છે. હોટલના સંચાલકોને પોતાની કેન્સલ થયેલી ફ્લાઈટનો મેસેજ બતાવીને જે તે પરિવારો જે તે હોટલમાં વધુ સમય માટે રોકાઈ શકશે. હાલમાં દુબઈ તેમજ અબુધાબીમાં જનજીવન યથાવત છે અને ટુરિસ્ટો પણ ફરવાના સ્થળોએ ફરી રહ્યા છે. ટુરિસ્ટોએ માત્ર તેઓ કોઈ મુશ્કેલીમાં મુકાય નહી તેની તકેદારી રાખવાની રહેશે. ફ્લાઈટો શરૂ થતાં જ જે તે પરિવારો સુરત સહિત ભારત પરત ફરી શકશે. દુબઈમાં તમામ ટુરિસ્ટો સુરક્ષિત છે અને ગભરાવવાની જરૂરીયાત નથી.

ચીખલી તાલુકા...

હવે ફ્લાઇટ ચાલુ થાય એટલે પરત આવીશું. રાનવેરી ખુર્દના ધવલસિંહ ચૌહાણના જણાવ્યાનુસાર તેમના પિતા દુબઈમાં છે. તેમની સાથે ફોન પર વાતચીત થઇ છે. ચાપલધરાના પ્રવાસી પ્રવિણસિંહ પરમારના જણાવ્યાનુસાર યુદ્ધના પગલે ફ્લાઇટ કેન્સલ થતા હોટલમાં રોકાયા છે.

CA ફાયનલ:...

રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે 566 વિદ્યાર્થીએ બોથ ગ્રુપની પરીક્ષા આપી હતી, જેમાંથી 96 વિદ્યાર્થી બોથ ગ્રુપ પાસ થયા છે. 83 વિદ્યાર્થીએ પ્રથમ ગ્રુપ અને 11 વિદ્યાર્થીએ બીજા ગ્રુપમાં સફળતા મેળવી છે. 554 વિદ્યાર્થીએ પ્રથમ ગ્રુપની પરીક્ષા આપી હતી, જેમાંથી 149 વિદ્યાર્થી પાસ થયા છે. જ્યારે 235 વિદ્યાર્થીએ બીજા ગ્રુપની પરીક્ષા આપી હતી, જેમાંથી 26 વિદ્યાર્થી સફળ રહ્યા છે. રાષ્ટ્રીય સ્તરે બંને ગ્રુપનું પરિણામ 10.97% નોંધાયું છે.

પાંચ વિદ્યાર્થીએ...

ઉપરાંત ભાર્ગવ લખાણીએ 372 ગુણ, રાજસ્થાનના સીકરની શ્રેયા અગ્રવાલ, અનુપ મિશ્રા અને હર્ષિલ કાપડિયાએ 365 ગુણ તથા જોધપુરની પ્રાગી કોઠારી 363 ગુણ મેળવી સી.એ. બન્યા છે. સંસ્થાના કુલ 135 વિદ્યાર્થી સી.એ. ફાઇનલ પરીક્ષા પાસ કરી ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ બન્યા છે.

પરીક્ષાના 3...

કર્યો. આ સિદ્ધિનો સંપૂર્ણ શ્રેય તેણે તેના માતા-પિતાના પ્રોત્સાહન અને મેન્ટર્સના માર્ગદર્શનને આપ્યો છે. જો મન મક્કમ હોય તો ગમે તેવી અઘરી પરીક્ષામાં સફળતા નિશ્ચિત છે.

પ્રોફેશનલ જજમેન્ટમાં...

જવાબ આપવાને બદલે તેમણે માત્ર પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. વંદન માને છે કે પ્રોફેશનલ જજમેન્ટમાં AI ક્યારેય માણસની જગ્યા નહીં લઈ શકે.

સરકાર પક્ષે...

(૪) આરોપી પુનમે ઘટનાનાં ચાર-છ કલાક પહેલા ફોન કર્યો હતો

(૫) પ્રાઈમાફેસી કેસ છે, પુરાવા સાથે છેડા થઈ શકે છે

(૬) આરોપી બ્લેકમેઇલ કરી મિલકત-સ્કુલમા ભાગીદારી મેળવી છે

બચાવ પક્ષે...

કોર્ટમાં રજૂ કરાઈ છે

(૪) મૃતકે સામેથી ફોન કર્યો છે. આરોપી તરફથી ફોન થયો નથી.

(૫) પ્રાઈમાફેસી કેસ પુરાવા વગર કંઈ રીતે કહી શકાય?

(૬) દસ્તાવેજ રજીસ્ટ્રાર કચેરીમાં વિડિયોગ્રાફી થાય છે.રજીસ્ટ્રેશન વખતે આરોપીની હાજરી ન હતી.

બ્લેકમેલને કારણે...

કારણે વ્યક્તિનું મોત થાય એ ખૂબ જ ગંભીર બાબત છે આજે સેશન્સ કોર્ટમાં જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા અને મૂળ ફરિયાદી પક્ષે એડવોકેટ કલ્પેશ દેસાઈ હાજર રહ્યા હતા. નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે દુનિયામાં કઠોર સ્વભાવના પિતા માટે દીકરીનો લગ્ન પ્રસંગ સુવર્ણ અવસર હોય છે કેમકે તેઓ કન્યાદાન કરવા જઈ રહ્યા છે,એવા સમયમાં મિત્રની લાલચ બ્લેકમેઇલ લગ્ન પ્રસંગે આવીને સમાજમાં બદનામ કરવાની ધમકી આપે એ દુષ્પ્રેરણા માટે સૌથી મોટી ગંભીરતા છે. કેમકે મિત્રના કારણે દીકરીની ખુશીના પ્રસંગમાં દીકરીના સાસરિયા પક્ષ અને પરિવારમાં શું ઈજ્જત રહી જાય? ત્યારે એક પિતાને આત્મહત્યા કરવી પડે છે. વધુમાં દલીલ કરાઈ હતી કે આ તપાસ પુરી થઈ ગઈ છે,આરોપી પૂનમના રિમાન્ડ માંગ્યા નથી તેવી બચાવપક્ષની દલીલ છે પરંતુ અમે રાઈટ રિઝર્વ રાખ્યો છે નવા કાયદા મુજબ ૪૦ કે ૬૦ દિવસ સુધીમાં રિમાન્ડ માંગી શકાય છે આરોપી પૂનમની બહેનપ્રિયા પાસે પૂનમનો મોબાઈલ ફોન છે જે હજુ સુધી પોલીસમાં રજૂ કરાયો નથી. પ્રિયા પોલીસ તપાસમાં સહકાર આપતી નથી જે બાબત દર્શાવે છે કે પુરાવા છુપાવવામાં આવી રહ્યા છે આ મહત્વનો પુરાવો છે મોબાઇલ ફોન મળ્યેથી એફએસએલમાં મોકલી પુરાવા મેળવી શકાય તેમ છે. દુષ્પ્રેરણા માટે વધુ એક કારણ આપતા મુખ્ય સરકારી વકીલ નયન સુખડવા એ જણાવ્યું હતું કે ખુદ આરોપીની અરજીમાં ઘટનાના ચાર છ કલાક પહેલા ફોન કર્યાનું જણાવ્યું છે ત્યારે પણ આરોપી બદનામ કરવાની ધમકી આપી તેવા સાક્ષીના નિવેદનો છે. આરોપી પૂનમની બહેનએ નિવેદન આપ્યું છે કે આરોપીના ત્રાસના કારણે મરણ જનારે વાત કરવાનું બંધ કરી દીધું હતું મરણ જનાર તુષાર ઘેલાણીની બંને દીકરીએ સ્ત્રીમિત્રને સમજાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. તપાસ નાજુક તબક્કામાં છે. આરોપીએ સંબંધનો ગેરલાભ ઉઠાવી એક્સ્ટ્રોશન કરી આર્થિક ગેરલાભ લીધો છે.

પુત્રીના લગ્નપ્રસંગના અવસરમાં એક પિતાને આત્મહત્યા કરવાની ફરજ પડે ત્યારે તે સંજોગો જોતા પણ આરોપી તરફે દુષ્પ્રેરણાનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે.આરોપીને જામીન પર છોડવામાં આવે તો પુરાવા સાથે છેડા થઈ શકે છે જેથી જામીન અરજી નામંજૂર કરવા કોર્ટને સરકાર પક્ષે વિનંતી કરાઈ હતી. આ સુનાવણી દરમિયાન આરોપીના વકીલ વિનય શુક્લાએ કાઉન્ટર દલીલમાં ૨૦૨૫નાં આર. શશીરેખા વિ. સ્ટેટ ઓફ કર્ણાટકમા સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ તાંકીને જણાવ્યું હતું કે આ કેસમાં કોર્ટે જ્યાં સુધી વ્યક્તિ જીવિત હતી, ત્યાં સુધી કોઈ ફરિયાદ આપી ન હતી. મૃત્યુ પછી આરોપ લગાવવામાં આવ્યાં છે એ શંકાસ્પદ હોવાનું ઠરાવ્યું હતું. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આવતીકાલની તારીખ ઠરાવી છે.

ભીમપોરમાં બાઈકનો...

બાબતો એ છે કે એક તો બાઈક ઉપર ત્રણ સવારી જતા હતા. ત્રણેય રીલ બનાવતા હતા અને તેઓ ધોરણ 9ના વિદ્યાર્થીઓ છે. એટલે કે તેમની પાસે લાઈસન્સ પણ નહોતું. આ બનાવમાં તેમના માતા-પિતાની બેદરકારી પણ છતી થઈ રહી છે. સમગ્ર અકસ્માતના લાઈવ વીડિયો સામે આવ્યા છે,

જેમાં ત્રણેય મિત્ર તેના અમિત નામના મિત્રના જન્મદિવસની ઉજવણી માટે કેક કટીંગ કરી રહ્યા હતા. ત્યારથી લાઈવ વિડીયો ચાલુ કર્યો હતો. જેમાં જન્મદિવસની ઉજવણી બાદ તેઓ KTM સ્પોર્ટ્સ બાઈક લઈને ઘરે આવી રહ્યા છે. તેમજ તેઓની બાઈક 100ની સ્પીડની ઉપર હોવાનું દેખાય છે અને તેઓ અનેક વાહનોને પણ કટ મારીને એન્જોય કરતા નજરે પડ્યા હતા. અચાનક બાઈક સ્લીપ થાય છે. જેમાં પરેશ અને તુષાલને ગંભીર ઈજા થાય છે અને તેઓ ગભરાઈને તત્કાલિક 108 એમ્બ્યુલન્સને પણ બોલાવવાની ના પાડે છે. જો કે રાહદારીઓએ એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, તુષાલ સી.કે પીઠાવાલા સ્કૂલના ધોરણ-9માં અભ્યાસ કરતો હતો. શનિવારે સાંજે તુષાલ તેના પરેશ તેમજ મગીયા નામના મિત્ર સાથે સ્પોર્ટ્સ બાઈક પર મિત્રના જન્મદિવસની ઉજવી ઘરે પરત જતી વખતે તેમનો ભાટિયા ફાર્મના ગેટની સામે અકસ્માત થયો હતો. તુષાલ અને પરેશ દીવાલ સાથે અથડાયા બાદ પરેશનું મોત થયું હતું. જ્યારે તુષાલનું આજે સારવાર દરમિયાન મોત થયું છે. બાઈક ચાલક મગીયાને હાથમાં ઈજા થતાં સારવાર બાદ રજા આપી દેવામાં આવી છે.

પાર્લેપોંઇન્ટની સિદ્ધિ...

5. માં ચામુંડા ડેરી, ઉનના ગાયના દૂધમાંમિલ્કફેટ અને એસ.એન. એફનું પ્રમાણ ઓછું
6. શ્રી ભાગ્ય લક્ષ્મી ડેરી, નાનપુરા ખાતેથી લેવાયેલા ગાયના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન. એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.
7. એસ.કે.પટેલ ડેરી, પાંડેસરા ખાતેથી લેવાયેલા ગાયના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.
8. ઉધના ખાતેના એક તબેલામાંથી લેવાયેલા ગાયના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન.એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.
9. રાદે દૂધ મંડળી, અબ્રામા રોડ ખાતેથી લેવાયેલ ભેંસના દૂધનો નમૂનો મિલ્કફેટ અને એસ.એન. એફનું પ્રમાણ ઓછું હોવાથી સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે.

ટૂંકી મુદતની નિવિદા નં.૦૪ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી ઘરમપુર (મા.મ) પેટા વિભાગ ઘરમપુર વાલોડ ફળિયા તાલુકા પંચાયત ઓફિસની બાજુમાં પીન કોડ નં ૩૯૬૦૫૦ ફોન નં. (૦૨૬૩૩) ૨૪૨૦૪૭ દ્વારા રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી સર્વેના કામ માટે સીલ બંધ કવરમાં ભાવો માંગવામાં આવે છે. જેના કોરા ભાવપત્રક ઇસ્યુ કરવાની છેલ્લી તારીખ ૦૫-૦૩-૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક રાખવામાં આવેલ છે. અને ભરેલા ભાવપત્રક ૦૯-૦૩-૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. આવેલ ભાવપત્રક મંજૂર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહશે.

ન. માહિતી/વલસાડ/૯૪૩/૨૦૨૬

યૂનિયન બૅંક Union Bank of India — કબજા નોટીસ [રૂલ ૮(૧)]

ઉધના દરવાજા મેઈન શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, લે-ગ્રાન્ડ બિલ્ડીંગ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત– ૩૯૫૦૦૨ સંપર્ક નં. +૯૧ ૮૩૫૮૦૧૮૫૨ Email : ubin0901857@unionbankofindia.bank

નીચે સહી કરનાર **યુનિયન બૅંક ઓફ ઈન્ડિયા,** સુરત ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૭/૧૦/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **(૧) મેસર્સ નેહલ જેમ્સ, એક ભાગીદારપેઢી (દેવાદાર), (૨) શ્રી જીતેન્દ્રભાઈ ભીમજીભાઈ ધોડાદરા (ભાગીદાર અને જામીનદાર) (૩) શ્રીમતી રેખાબેન જીતેન્દ્રભાઈ ધોડાદરા (ભાગીદાર અને જામીનદાર) (૪) શ્રી રાહુલ જીતુભાઈ ધોડાદરા (ભાગીદાર અને જામીનદાર) (૫) શ્રીમતી તુષ્ણા રાહુલ ધોડાદરા ઉર્ફે તુષ્ણા નરોત્તમ મીસ્ત્રી (ભાગીદાર અને જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૬,૪૦,૫૧,૦૬૬.૬૧ (અંકે રૂા. છ કરોડ ચાલીસ લાખ એકાવન હજાર છાસઠ અને એકસઠ પૈસા પુરા)** વ્યાજ, ચાર્જીસ, કોસ્ટ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામ